# Day to Day Current Affairs

**18.JAN 2016:**

## ૧. લુઈઝ રિચર્ડસન :

- વિશ્વ વિખ્યાત ઓક્સફર્ડ યુનિવર્સિટીના 900 વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત મહિલા વાઈસ ચાન્સેલર તરીકે રિચર્ડસનની નિયુક્તિ કરવામાં આવી છે.
- તેમનો જન્મ આયર્લેન્ડ થયો છે.
- લુઈઝ રિચર્ડસન 'ટેરર એકસપર્ટ' છે અને વિશ્વભરમાં ફેલાયેલ આંતકવાદ પર અભ્યાસ કરનાર લુઈઝ આંતકવાદના વિષય નિષ્ણાત સ્કોલર છે.
- તેમનુ પ્રખ્યાત પુસ્તક : 'વોટ ટેરેરિસ્ટ વોન્ટ : અંડર સ્ટેન્ડિંગ ધી એનિમી, કંટીઈનિંગ ધી થ્રેટ'.
- ઓક્સફર્ડ યુનિવર્સિટી અંગ્રેજી ભાષા બોલતા વિશ્વની સૌથી જૂની યુનિવર્સિટી છે.
- ઓક્સફર્ડ યુનિવર્સિટીના ચાન્સેલર : ક્રીમ પેટન.

## ૨. ગુજરાતનીપ્રથમ ઓટોગીયર ઈલેકટ્રીક બસ :

- રાજકોટ મનપા દ્વારા હવાઈ પ્રદુષણ ઘટાડવા અને વાતાવરણ શુધ્ધીકરણ માટે રાજ્યમાં પ્રથમ વખત ઓટોમેટ્રીકગીયર વાળી ઈલેકટ્રીક બસ દોડાવાશે.
- ચાઈનાની કંપની દ્વારા નિર્મિત ઈલેકટ્રીક પાવરવાળી આ બસમાં ગીયર જ નથી એટલે ચાલકને ગીયર બદલવાની ઝંઝટમાંથી મુક્તિ મળશે.
- 31 મુસાફરોની બેઠક વ્યવસ્થા ધરવાતી ઈલેકટ્રીક બસ આઠ કલાક ચાર્જ થયા બાદ અંદાજીત 240 કિમી ચાલશે.
- કંપની દ્વારા હાલ ટ્રાયલ માટે 1 બસ રાજકોટ મનપાને નિ:શુલ્ક ફાળવાઈ છે.

## 3. વિરાટ કોહલી – ક્રિકેટર :

- ભારતીય ટેસ્ટ ક્રિકેટ ટીમના કપ્તાન વિરાટ કોહલીએ વન-ડે માં સૌથી ઝડપી 24 સદી અને ઝડપી 7000 રનનો રેકોર્ડ બાનાવ્યો છે.
- આ સિધ્ધિ તેણે હાલમાં રમાયેલા ઓસ્ટ્રેલિયા સામેની વન-ડે શ્રેણીની ત્રીજી મેચમાં નોધાવી હતી.
- તેણે વન-ડે માં 161 ઈનિંગમાં 7000 રન બનાવી વિશ્વરેકોર્ડ નોધાવ્યો છે આ પહેલા આફ્રિકાના ડિ વિલિયર્સે 166 ઈનિંગમાં 7000 રન નોધાવ્યા હતા.
- તેમજ તેણે 169મી મેચની 161મી ઈનિંગમાં 24 સદીનો વર્લ્ડ રેકોર્ડ કર્યો જે આ પહેલા સચીન તેંડુલકરની 219 ઈનિંગમાં 24 સદીનો રેકોર્ડ હતો.

## ૪. તમાકુના વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકાનાર વિશ્વનો પ્રથમ દેશ:

- તમાકુના વેચાણ અને ઉત્પાદન પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકનાર તુર્કમેનિસ્તાન વિશ્વનો પ્રથમ દેશ બન્યો છે.
- તેમજ તમાકુ સાથે સંકળાયેલી દરેક પ્રકારની પ્રોડકટ ઉપર પ્રતિબંધ લગાવી દીધો છે તેમ છતાં કોઇ તમાકુનું વેચાણ કરતાં જાણ થશે તો આશરે 1200 પાઉન્ડ નો દંડ કરવામાં આવશે.

## ૫. સ્ટેચ્યુ ઓફ યુનિટીના છાતીના ભાગેથી સરોવર જોઈ શકાશે.

- રાજ્ય સરકાર દ્વારા કેવડિયા કોલોની નજીક સાધુ ટેકરી પર બની રહેલા સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં 152 મીટરની ઉંચાઇએ છાતીના ભાગે 250 વ્યક્તિઓ ઉભા રહી સરોવર જોઇ શકે તેવી દર્શનીય ગેલેરી બનાવવાનુ નક્કી કરાયું છે.
- અગાઉ 182 મીટરની ઉંચાયે સરદારની પ્રતિમાની આંખમાંથી સરદાર સરોવર ડેમ જોઇ શકાય એવો કોન્સેપ્ટ હતો પરંતુ આંખના ભાગે દર્શનિય ગેલેરી બનાવવામાં આવે તો પ્રતિમાનો દેખાવ બગડી જવાની શક્યતા અને એકસાથે 250 વ્યક્તિઓ ઉભા ના રહી શકે એટલા માટે હવે છાતીના ભાગે આ ગેલેરી બનાવવામાં આવશે.
- પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ 31 ઓક્ટોબર 2013 સરદાર પટેલની જન્મજ્યંતિએ સ્ટેચ્યુ ઓફ યુનિટિનું ભૂમિપૂજન કર્યું હતુ. ત્યારબાદ 15 ડિસેમ્બર 2015 સરદાર પટેલની પુણ્યતિથિનિમિત્તે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ સ્ટેચ્યુ ઓફ યુનિટિનુ કામ શરૂ કરાવ્યુ હતુ.
- સ્ટેચ્યુ ઓફ યુનિટીનો પ્રોજેક્ટ 2989 કરોડનો છે અને લાર્સન એન્ડ ટુબ્રો કંપનીએ આ કાર્ય હાથમાં લીધુ છે જે 42 મહિનામાં પૂર્ણ કરી આપશે.
- 182 મીટર ઉંચી આ પ્રતિમાનુ કાર્ય 2018 ના જુન મહિનમાં પૂર્ણ થઇ જશે.

## ૬. ખેલ મહાકુંભ – 2016-01-26

- રાજ્ય સરકારના રમતગમત,યુવા,અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ દ્વારા ખેલ મહાકુંભ 2016નું આયોજન થઈ રહ્યું છે.
- ખેલ મહાકુંભ 2016ની શરૂઆત 18 જાન્યુઆરીથી દુધધારા ડેરી ગ્રાઉન્ડ – ભરૂચ ખાતેથી થશે.
- આ ખેલ મહાકુંભમાં તાલુકા કક્ષાના વિજેતા ખેલાડીઓની કેટેગરી વાઇસ અલગ – અલગ ઇનામી રાશીથી સન્માન કરવામાં આવશે.

## પ્રશ્નો

૧. ઓક્સફર્ડ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર પદે કોની નિયુક્તિ કરાઇ ? લુઇઝ રિચર્ડસન

Vivekanand Academy, Gandhinagar

૨. ઓક્સફર્ડ યુનિવર્સિટીના ચાન્સેલર ? ક્રિસ પેટન

૩. ક્યાં ભારતીય ક્રિકેટરે ઝડપી 24 સદી અને ઝડપી 7000 રન બનાવવાનો વર્લ્ડ રેકોર્ડ કર્યો ? વિરાટ કોહલી

૪. ગુજરાતની પ્રથમ ઓટોગીયર ઇલેક્ટ્રિક બસ ક્યાં શહેરમાં ચાલુ થઇ ? રાજકોટ

૫. તમાકુના વેચાણપર સંપૂર્ણ પ્રતિબંધ મુકનાર વિશ્વનો પ્રથમ દેશ?... તુર્કમેનિસ્તાન

૬. સરદાર પટેલની પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીની ઉંચાઇ જણાવો... 182 મીટર

૭. સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં કેટલી ઉંચાઈએ સરદાર સરોવર જોઈ શકાય એવી દર્શનીય ગેલેરી બનાવવામાં આવશે?... 152 મીટર

૮. ખેલમહાકુંભ – 2016 નો પ્રારંભ ક્યાંથી થયો ?... ભરુચ

Vivekanand Academy, Gandhinagar